## ઇંગ્લિશ! ઇંગ્લિશ!



દિગીશ મહેતા,
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
પહેલી આવૃત્તિ : ૧૯૯૯, કિંમત : રૂ. ૬૫, પાનાં ૧૭૨

નિબંધ, અંગ્રેજી ભાષાના વ્યવહારુ ઉપયોગ અને તેની ખૂબીઓ અંગેના ૪૦ હળવા નિબંધોનો સંગ્રહ.

દિગીશભાઇ ગુજરાતમાં અંગ્રેજી ભાષા-સાહિત્યના એક ઉત્તમ દિવંગત અધ્યાપક અને ગુજરાતી લલિત નિબંધોના મોખરાના સર્જક. પુસ્તકની વાતની હળવાશ અને સાથે તેની સમૃદ્ધિનો અંદાજ નિબંધોનાં મથાળાં પરથીય આવી શકે. 'ખરો ખૂની કોણ ઉર્ફે હુ-ડન-ઇટ?', 'વર્ડ્સ, વર્ડ્સ, વર્ડ્સ', 'ઉડતો શબ્દ પકડો : પૉપ સૉન્ગ્સ', 'સીયુટી કટ અને પીયુટી પુટ : નવા સંદર્ભમાં', 'ક્રિકેટ, ગાવસ્કર અને ગુડ ઇંગ્લિશ!' પુસ્તકનો એક પણ ફકરો ભારે નથી. ખાસ અંગ્રેજી 'વિટ્', નર્મવિનોદ વાચકને ઠેરઠેર મલકાવે છે. દિગીશભાઇ લખે છે : "આપણો ધર્મેન મહેતા કલ્પી શકીએ કે જે અમદાવાદથી અલ્હાબાદ સુધી મોં જ ખોલે નહીં, મૂંગો મૂંગો કેળાં ખાધા કરે, કેમ કે અંગ્રેજી ફાવતું નથી...", "અજાણી ભાષા બોલવાની મજા એ છે કે એમાં ભૂલો કરી શકીએ છીએ", "હેટમાંથી કબૂતર કાઢતાં આવડે છે? એની ચાવી છે સફળ દ્વિભાષી થવામાં."

## ઉપરવાસ કથાત્રયી



રઘુવીર ચૌધરી
આર. આર. શેઠની કંપની (અમદાવાદ)
પહેલી આવૃત્તિ : ૧૯૭૫,
કુલ કિંમત : રૂ. ૧૫૫ કુલ પાનાં : ૧૦૭૫

*ત્રણ નવલકથાઓ.* 'ઉપરવાસ', 'સહવાસ' અને 'અંતરવાસ' નામની આ નવલકથાઓમાં ગુજરાતનાં ગામડાંનું ચિત્ર મળે છે. આઝાદી પછીના ત્રણેક દાયકામાં ગુજરાતનાં ગામડાંમાં આવેલાં સામાજિક, આર્થિક, રાજકીય પરિવર્તનોનું પાત્રોનાં સંવેદનોના સંદર્ભમાં અહીં આલેખન થયું છે. પ્રાદેશિક નવલકથા ગણી શકાય તેવી આ ત્રયીમાં લેખકના વતન બાપુપુરા (વાર્તામાં સોમપુરા) ઉપરાંત માણસા (વાર્તામાં સારંગ) અને અમદાવાદનો પરિવેશ ભાષા અને પાત્રોની ખાસિયતો સાથે જીવંત થાય છે. સરસ વાર્તા, ઘટનાઓનો ધોરણસરનો પ્રવાહ, વાંચતાં આનંદ પડે તેવી ભાષા, અનેક પાત્રો અને તેમના એકબીજા સાથેના બદલાતાં-મોટે ભાગે ઉમદા થતાં સંબંધો, સામાજિક વાસ્તવિકતાનું આકલન અને મૂલ્યોની ભાર વિનાની માવજત એ નવલકથાનાં કેટલાંક ઉજળાં પાસાં છે. નરસંગ, દેવુ, હેતી જેવાં પાત્રો વાચકોને ગમે છે. અલબત્ત સહુથી સ્મરણીય પાત્ર વયોવૃદ્ધ પીથુભાનું છે.

## ઉંઝાજોડણી પણ



રામજીભાઇ પટેલ
પ્રકાશક : સરોજ રા. પટેલ (અમદાવાદ)
પ્રથમ આવૃત્તિ : ૨૦૦૪, કિંમત : રૂ. ૪૦, પાનાં : ૧૦૪

ઉંઝાજોડણી એટલે મુખ્યત્વે ગુજરાતી જોડણીમાં માત્ર એક જ ઉ, તે હ્રસ્વ ઉ, અને એક જ ઇ તે દીર્ઘ 'ઇ' ના ઉપયોગ કરવાની પદ્ધતિ (આ નોંધમાં એ પદ્ધતીથી જોડણી કરી છે). આ જોડણીનો સરકાર, સાહીત્ય અને સમાજ દ્વારા સ્વીકાર થાય તે માટેની ચળવળ ગુજરાતમાં સાતેક વર્ષથી ચાલે છે. તેમાં યથાર્થ માન્યતા એ છે કે સરળ જોડણી પદ્ધતીથી ભાષા વીકાસ થશે અને તેના થકી સમાજ, શીક્ષણ અને સાહીત્ય વીકસશે. આ દેખીતી રીતે સીધીસાદી વાતને સ્વીકાર થાય તે માટે ઉંઝાજોડણીવાળા સંઘર્ષ કરી રહ્યા છે. આ પુસ્તકના દસ લેખોમાં તેની વાત છે. તેમાં સરકાર અને ગૂજરાત વીદ્યાપીઠના નાફેરવાદી વલણ તેમજ વીદ્યાપીઠના જોડણીકોશના કામની અગતીડતા, ઉંઝા જોડણીની લેખકો-વીદ્વાનો દ્વારા સ્વીકૃતિ વગેરે બાબતો વિશે જાણવા મળે છે. જયંત કોઠારી લખે છે : "આપણી ઉચ્ચ સાહીત્ય સંસ્થાઓ પણ શુદ્ધ જોડણીથી પોતાનાં પ્રકાશનો છાપી શકતી ન હોય તો આપણે આપણી જોડણી વિશે ફેરવીચાર કરવાનો સમય પાકી ગયો ન કહેવાય?

## એ લોકો



હિમાંશી શેલત
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય (અમદાવાદ)
પ્રથમ આવૃત્તિ : ૧૯૯૭, કિંમત : રૂ. ૫૪, પાનાં : ૧૪૫
૨૦ ટૂંકી વાર્તાઓનો સંગ્રહ

'બારણું' વાર્તામાં ગભરુ સવલી ખાડીની વસતીમાં ગામડેથી આવી પડી છે. કાદવિયા જગામાં એને અવરજવર વચાળે ન ફાવતાં તે કુદરતી હાજતને ત્રણ દિવસ રોકે છે. માસીની બહેનો સાથે મેળામાં ગયેલી સવલી સંગાથ છૂટી જતાં મૂંઝાય છે. ત્યાં જ એને 'ખાસ પ્રકાર'ની 'મૌસી'નો સહારો મળે છે. સવલીને એ ઘરે લઇ જતાં પહેલાં કોઠા પર લાવે છે. સરસ લાલ ગુલાબી ટૉઇલેટ જોતાં ચૂંકાતું પેટ ખાલી કરવાની હાજત ઉપડે છે. મૌસી એને બાથરૂમમાં મોકલે છે : "ચોકની એક તરફ બે મોટા બાથરૂમ, સરસ સુંવાળી, ગુલાબી અને આસમાની લાદીવાળા. પેલી ફિલમમાં જોયેલ બાથરૂમ યાદ આવી ગયો.. આંખો ફાડીને એ બારણું અને આગળો જોઇ રહી. બારણું બંધ થાય એટલે બધુંય બહાર રહી જાય... આપણને તો અંદર કશી બીક નહીં, કોઇથી ખોલાય સુદ્ધાં નહીં, કોઇને એ દેખાય પણ નહીં. કશો રઘવાટ નહીં.... સપનું જોતી હોય એમ એ અંદર દાખલ થઇ, અને એની પાછળનું બારણું બંધ થઇ ગયું. ચસોચસ."



## એકત્રીસ સુવર્ણમુદ્રાઓ

સૌરભ શાહ
પ્રિન્સેસ સ્ટ્રીટ પબ્લિશિંગ હાઉસ
(એન.એમ. ઠક્કરની કંપની)
ત્રીજી આવૃત્તિ : ૨૦૦૨,
કિંમત : રૂ. ૧૭૫, પાનાં : ૨૮૫

વિવિધ વિષયો પરના ૩૧ લેખ

નજીક આવતાં આપણને આવડે છે, પરંતુ અંતર સાચવતાં ઘણી વખત નથી આવડતું. ઑફિસોમાં બૉસ અને હાથ નીચેના સ્ટાફ વચ્ચે એક ચોક્કસ અંતર હોવું જોઇએ. સ્ટાફ સાથેની નિકટતાનો આભાસ ઊભો કરીને પણ આ અંતર જાળવી શકાતું હોય છે. અમારો ડ્રાઇવર તો અમારા ફૅમિલી મેમ્બર જેવો જ છે એવું કહેનારા લોકોએ પણ ડ્રાઇવર સહિતના પરિવારના તમામ ચાકરોની તમામ સુવિધાઓનો ખ્યાલ રાખ્યા પછી એમની સાથે ચોક્કસ અંતર જાળવવું પડે છે. શિક્ષક કે પ્રોફેસર અને વિદ્યાર્થી વચ્ચે અથવા દિગ્દર્શક અને અભિનેતા વચ્ચે (કે પછી લેખક અને વાચક વચ્ચે) એક નિશ્ચિત અંતર જળવાય તો જ એ સંબંધોમાંની ગરિમા ટકે છે અને તો જ એ સંબંધો લાંબા સમય સુધી મહેક્યા કરે છે. સંતાન અને માબાપ વચ્ચેના સંબંધોનું પણ આવું જ છે. દીકરો કેટલીક વાતો પિતા સમક્ષ ઉચ્ચારી નહીં શકે. માબાપની હાજરીમાં એ મિત્રો સાથે પણ અમુક મર્યાદા રાખીને જ વર્તન કરી શકશે. કડક પિતાનાં સંતાનોને ક્યારેક પોતે સાચાં હોવા છતાં સામી દલીલ નહીં કરવાના જે સંસ્કાર મળતા હોય છે તે મોટા થયા પછી ધંધા-વેપારના નેગોશિયેશન્સ વખતે સામી પાર્ટીનું મન જીતી લેવામાં કામ લાગતા હોય છે.